# સાબરકાંઠાના યુવાનોને રમતગમતનાં સાધનો અને રોજગાર પત્રો એનાયત

હિંમતનગર, તા. ૩

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર અને શ્રમ અને રોજગાર વિભાગ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આજે



(તસવીર : મગન વણઝારા)

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના કોટન માર્કેટ યાર્ડ ખાતે સ્વામી વિવેકાનંદ યુવા પરીષદના યુવાનોને રમતગમત કિટ્સ અને શ્રમ વિભાગ દ્વારા રોજગાર પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

શિક્ષણમંત્રી રમણલાલ વોરાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લાના યુવાનોને સંબોધતા જણાવ્યું હતું કે, દેશની આવતીકાલને ઉજ્જવળ બનાવનાર યુવાનો સામર્થ્યવાન અને સશક્ત બને તે માટે જિલ્લામાં સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્રોની રચના કરવામાં આવી છે. યુવાનો ખેલકૂદના માધ્યમથી ખેલદીલીની ભાવના વધુ પ્રબળ બને અને રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી બની શકે તેવો આશય રાજ્ય સરકારનો છે. સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી રાજ્યભરમાં થઈ રહી છે ત્યારે



ગામડાના યુવાનોમાં વિવેકાનંદના વિચારધારાને પહોંચાડવા સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્રો આધાર સ્તંભ બની રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે જિલ્લા સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણે તથા ખેડબ્રહ્માના પૂર્વ ધારાસભ્ય રમીલાબેન બારાએ પ્રસંગોચિત ઉદ્બોધન કર્યુ હતું.

જિલ્લાના ૧૭ નવયુવાનોને રોજગાર પત્રો તથા ૩૪ યુવાનોને રમત ગમતની કિટ્સ એનાયત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા સમાહર્તા એલ.સી. પટેલ, અધિક કલેકટર એમ.જે. ઠક્કર, પ્રાંત અધિકારી રીકેશ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ તથા પંકજભાઈ દેસાઈ, અમૃતભાઈ બરંડા, વનરાજસિંહ પરમાર સહિત અધિકારી/કર્મચારીગણ અને મોટી સંખ્યામાં યુવામિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## તમામ સરકારી કાર્યક્રમો પર ચૂંટણી પંચની બ્રેક

પ્રાંતિજ, તા. ૩

આગામી ડિસેમ્બર માસમાં યોજાનાર ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થતા હવે તમામ સરકારી કાર્યક્રમો તથા ખાતમુહૂર્તો ઉપર બ્રેક લાગી જશે.

મળતી માહિતી અનુસાર છેલ્લા ઘણા સમયથી ભાજપ કોંગ્રેસ સહિત અનેક રાજકીય પક્ષના નેતાઓ અગ્રણીઓ અને કાર્યકરો ઉપરાંત નાગરિકો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે વિધાનસભાની ચૂંટણીની આજે તારીખો જાહેર થતા તમામ પક્ષના કાર્યકરો અને નેતાઓ ચૂંટણી વ્યૂરચના અને ઉમેદવારોની પસંદગીમાં લાગી ગયા છે. તો બીજી તરફ રાજ્ય સરકાર હાલ ઉજવી રહી છે તેવા વિવિધ ઉત્સવો તેમજ વિવિધ કાર્યક્રમો અને વિકાસ કામોના ભાગરૂપે તૈયાર થતા નવા ખાત મુહૂર્તો ઉપર ચૂંટણી પંચે બ્રેક લગાવી દીધી છે. ત્યારે હાલ વિવિધ સરકારી કાર્યક્રમોની પત્રિકાઓ રદબાતલ થવા પામી છે.

## તરૂણ બારોટની ધરપકડના વિરોધમાં મહેસાણા ખાતે બારોટ સમાજે રેલી યોજી

મહેસાણા, તા. ૩

અમદાવાદ ક્રાઈમ બ્રાંચના પૂર્વ પોલીસ ઈન્સ્પેકટર અને મહેસાણા ખાતે ડી.વાય.એસ.પી. તરીકે ફરજ બજાવતા પોલીસ અધિકારી તરૂણભાઈ બારોટની કથિત સાદીક જમાલ એન્કાઉન્ટર કેસમાં સી.બી.આઈ.એ તાજેતરમાં ધરપકડ કરતાં બ્રહ્મભટ્ટ સમાજમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. દરમિયાન ડી.વાય.એસ.પી. બારોટની થયેલ ધરપકડને બ્રહ્મભટ્ટ સમાજે વખોડી કાઢી વિરોધ વ્યક્ત કરેલ છે.

આજે મહેસાણા શહેરમાં તારણવાળી માતાના ચોકમાં મહેસાણા શહેર સહિત જિલ્લાભરમાં વસતા બ્રહ્મભટ્ટ-બારોટ સમાજના લોકોની એક બેઠક યોજાઈ હતી. ત્યારબાદ એક વિશાળ રેલી કાઢવામાં આવી હતી. જે રેલી કલેક્ટર કચેરીએ પહોંચી હતી અને સમાજમાં અગ્રણીઓએ કલેક્ટરને એક આવેદન પત્ર પણ આપ્યું હતું. આ રેલીમાં દંઢાવ બ્રહ્મભટ્ટ મંડળના પ્રમુખ ભુપેન્દ્રભાઈ અજલાણી, એડવોકેટ ગોવિંદભાઈ, જનકભાઈ, ઉધ્ધવભાઈ, ધર્મેન્દ્રભાઈ સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિના અગ્રણીઓ, યુવાનો ભાજપ અને વિશ્વ હિન્દુ પરિષદના હોદેદારો જોડાયા હતા.

## ડીસામાં ડીવાઈડર સાથે અથડાઈ જીપે પલ્ટી ખાતાં એક ગંભીર

### ગાડીમાં ભરેલ ઘઉંના રોડ પર ઢગલા : લેવા માટે પડાપડી



(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૩

ડીસાથી આરટીઓ ચાર રસ્તા તરફ જઈ રહેલી જીપ ડીવાઈડર સાથે ટકરાઈ પલ્ટી ખાઈ જતા અંદર બેઠેલ મુસાફરને ગંભીર પ્રમાણમાં ઈજાઓ થતાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જયારે ગાડીમાં ભરેલ ઘઉંની બોરીઓમાંથી ઘઉં રોડ પર વેરાતા ઘઉં લેવા માટે કેટલાક લોકોએ પડાપડી કરી હતી.

રીલાયન્સ પેટ્રોલ પંપ પાસે અચાનક ડ્રાયવરે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા જીપ ડીવાઈડર સાથે ધડાકાભેર ટકરાઈને પલ્ટી ખાઈ ગઈ હતી. આ સમયે ચાલક ફરાર થઈ ગયો હતો જયારે અંદર બેઠેલા એક યુવકને ગંભીર પ્રમાણમાં ઈજાઓ થતાં તાત્કાલિક શહેરની એક પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ જીપમાં ઘઉંની બોરી ભરેલી હોવાથી ઘઉંના ઢગલા થયા હતા અને કેટલાક લોકોએ ઘઉં લેવા માટે પડાપડી કરતા હાઈવે પર પસાર થતા વાહનો પણ થંભી ગયા હતા. ઉલ્લેખનીય છે કે ડીસા પંથકમાં છેલ્લા બે ત્રણ દિવસથી અકસ્માતોની સંખ્યા વધી ગઈ છે ત્યારે પોલીસ દ્વારા સજાગતા દાખવી પુરપાટ ઝડપે દોડતાં અને ટ્રાફીક નિયમનો ભંગ કરતા વાહનચાલકો વિરૂધ્ધ કાયદાનો દંડો ઉગામવો જોઈએ.

## પ્રાંતિજમાં નિર્માણ પામનાર ટાઉનહોલનું ભૂમિ પૂજન થયું

પ્રાંતિજ, તા.૩

પ્રાંતિજ ખાતે આજે નગરપાલિકા વિસ્તારમાં ભાંખરીયા પાસે શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૧.૩૧ લાખન ખર્ચે નિર્માણ પામનાર ટાઉનહોલનું ભૂમિ પૂજન રાજય કક્ષાના શિક્ષણ મંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

પ્રાંતિજ શહેરમાં આચારસંહિતા લાગુ પડે તે પહેલા પ્રાંતિજના ભાખરીયા વિસ્તારમાં ટાઉનહોલનું ભૂમિપૂજન મંત્રી જયસિંહ ચૌહાણના હસ્તે કરવામાં આવ્યું હતું. એક કરોડ એકત્રીસ લાખના ખર્ચે તૈયાર થનાર ટાઉનહોલ નગરને વિવિધ રીતે ઉપયોગી બનશે. તેવી માહિતી આપી હતી. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ ઉષાબેન, ઉપપ્રમુખ દિલિપભાઈ સોનલબેન મોદી, નૈમેષ પટેલ, પૂર્વ ધારાસભ્ય દિપસિંહ રાઠોડ, જયેન્દ્રસિંહ, ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, રઈસભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

## ગાંધી જયંતિ નિમિત્તે સાબરકાંઠામાં મેગા જનરલ લોક અદાલત યોજાઈ

હિંમતનગર, તા. ૩

ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદના આદેશ અન્વયે તથા મે. બી.એન. કારીઆ, પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ અને અધ્યક્ષશ્રી, જિલ્લા કાનુની સેવા સત્તામંડળ, સાબરકાંઠા, હિંમતનગરનાઓના સફળ સંચાલન હેઠળ, સાબરકાંઠા જિલ્લા બાર એસોસીએશન હિંમતનગરના સહયોગથી તા. ૨જી ઓક્ટોબર, ૨૦૧૨ને મંગળવારના રોજ 'મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી' નિમિત્તે સમગ્ર જિલ્લામાં જિલ્લા કક્ષાએ તથા જિલ્લામાં તમામ તાલુકા કક્ષાએ તમામ કોર્ટોમાં મેગા જનરલ લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કુલ ૩૯૩૬ કેસો મુકવામાં આવેલા અને કુલ હાજર રહેલા પક્ષકારો પૈકી ૧૭૬૮ કેસોનો સમાધાનકારી વલણથી સુખદ નિકાલ કરવામાં આવેલ, તેમજ સમગ્ર જિલ્લામાં કુલ ૪૮ કાનુની શિક્ષણ શીબીરોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મેગા જનરલ લોક અદાલમતાં મોટર વાહન અકસ્માતમાં ઈજા પામેલ કે મરણ જનારના વારસદારોએ કરેલ વળતરની અરજીઓ, દિવાની, તકરારને લગતા કેસો તથા નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ નીચે કરવામાં આવેલી ફરીયાદો તથા વૈવાહીક બાબતોને લગતા કેસો તેમજ સમાધાનને પાત્ર હોય તેવા કેસોનું સમાધાનકારી વલણથી ઝડપી નિરાકરણ લાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેથી પક્ષકારોના આ પ્રકારની કેસોનો ઝડપથી અને સમાધાનકારી વલણથી નિકાલ થઈ શકે અને આ લોક અદાલતમાં વધુને વધુ કેસોનું નિરાકરણ થાય તે માટેના સંનિષ્ટ પ્રયત્નો ચેરમેન જિલ્લા કાનુની સેવા સત્તામંડળ તથા ચેરમેન, તાલુકા કાનુની સેવા સમિતિ તથા એડવોકેટ બાર એસોસીશનના સભ્યો તથા સ્ટાફના સભ્યો સાથે મળીને સાથ સહકારથી હાથ ધરવામાં આવ્યું હતું.

## થરાદમાં પાંચ દિવસીય ગૌકથાનો શુભારંભ

થરાદ, તા. ૩

દેવીનો દરજ્જો ધરાવતી એક પણ ગાય દેશમાં નહીં બચે તો પૃથ્વીનો વિનાશ નિશ્ચિત છે તેમ થરાદ ખાતે ગઈકાલથી આરંભાયેલ પાંચ દિવસીય ગૌકથાના પ્રારંભે વકતા ત્ર્યંબકેશ્વર શાસ્ત્રીએ જણાવી આડેધડ થતી ગૌહત્યા સામે બળાપો વ્યકત કર્યો હતો.

શ્રી પથમેડા ગૌધામ મહાતીર્થના ગૌરૂપી સ્વામી શ્રી દત્ત શરણાનંદજી મહારાજની પ્રેરણાથી ગૌસેવા સમિતિ દ્વારા આયોજીત ગઈકાલ સોમવારથી પાંચ દિવસીય ગૌકથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગૌકથાના વકતા ગૌભકત શ્રી ત્ર્યંબકેશ્વર શાસ્ત્રીજી (ગૌસેવા સમિતિ બ.કાં.અધ્યક્ષ)એ જણાવ્યું હતું કે ગાય એ પૃથ્વી છે. જ્યારે હિંદુસ્તાન એ તેનું મુખ છે.

## ડીસામાં જીલ્લા શિક્ષણાધિકારી અધ્યક્ષતાએ ગુણવત્તા સુધારણા કાર્યક્રમ સેમીનાર યોજાયો

ડીસા, તા. ૩

ડીસામાં આખોલ ચાર રસ્તા પાસે આવેલ વર્ધમાન જૈન વિહાર ધામ ખાતે આજે જીલ્લા શિક્ષણાધિકારીની અધ્યક્ષતાએ પ્રાથમિક શિક્ષણક્ષેત્રે વિવિધલક્ષી અને ગુણવત્તા સભર શિક્ષણ મળી રહે તેમજ શિક્ષણનો વ્યાપ વધે તે હેતુથી ડીસા, ધાનેરા, તેમજ દાંતીવાડા તાલુકાના શિક્ષકોનો એક સેમીનાર રખાયો હતો.

ડીસામાં આખોલ ગામ પાસે આવેલ વર્ધમાન જૈન વિહાર ધામ ખાતે આજે શિક્ષણ ગુણવત્તા સુધારણા કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમમાં જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી બી.કે. પટેલ, જીલ્લા પંચાયત સદસ્ય શાંતુભા વાઘેલા, જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન રાજુભાઈ જોષી, જીલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘના ચેરમેન ચમનભાઈ વાઘેલા, માલધારી સેલના કાનાભાઈ દેસાઈ તેમજ કેળવણી નિરીક્ષક અશ્વિનભાઈ પટેલ વગેરે હાજર રહ્યા હતા.

આ સેમીનારનો મુખ્ય ઉદેશ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા સભર શિક્ષણ થકી વિદ્યાર્થીઓને વિવિધ લક્ષી જ્ઞાન આપી વિકાસશીલ બનાવવાનો હતો. આ સેમીનારમાં ડીસા, ધાનેરા તેમજ દાંતીવાડા તાલુકાના અનેક શિક્ષકો હાજર રહ્યા હતા. જેમાં છેલ્લા પાંચ વર્ષ પૂર્ણ કરનાર શિક્ષકોને પૂર્ણ પગાર આપવાના અધિકારક સ્તરના હુકમો અપાયા હતા. આ સેમીનારમાં હાજર આગેવાનોએ ગુણવત્તા સુધારણા અંતર્ગત શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષણ આપવાની હાકલ કરી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શિક્ષક ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

## શિહોરી ખાતે નાયબ મામલતદારને પાંત્રીસોની લાંચ લેતા એ.સી.બી.એ રંગે હાથ ઝડપ્યા

ડીસા, તા. ૩

શિહોરી મામલતદાર કચેરી ખાતે આજે પાલનપુર એન્ટી કરપ્શન વિભાગના પી.આઈ. તેમજ તેમની ટીમે મળેલ ફરીયાદના આધારે છટકુ ગોઠવ્યુ હતુ. જેમાં જમીન વિભાગના નાયબ મામલતદાર એક ખેડુત પાસેથી ખેડુત ખાતેદારનો દાખલો આપવાના કામની રૂપીયા ૩૫૦૦ની લાંચ લેતા એ.સી.બી. પાસે રંગે હાથ ઝડપાયા હતા.

જેની વિગતો જોઈએ તો કાંકરેજ તાલુકાના માંડલા ગામે રહેતા બળવંતભાઈ રેવાભાઈ પટેલને ખેડુત ખાતેદારનો દાખલો જોઈતો હોઈ તેઓએ દાખલો મેળવવા શિહોરી મામલતદાર કચેરીએ અરજ કરી હતી. જે બાદ તે જમીન વિભાગમાં કામકાજ સંભાળતા નાયબ મામલતદાર ઉદેસિંહ રામસિંહ સોલંકી દ્વારા આ દાખલો આપવા પેટે લાંચ માંગવામાં આવી હતી. જે બાદ ફરીયાદી બળવંતભાઈ પટેલે પાલનપુર ખાતેની લાંચ રૂશ્વત વિરોધી શાખાનો સંપર્ક કર્યો હતો.

જેથી આ મામલે એ.સી.બી. પાલનપુરના પી.આઈ. પી.ડી. મણવર દ્વારા છટકુ ગોઠવવામાં આવ્યુ હતુ. આ છટકામાં આજરોજ એ.સી.બી. પી.આઈ. પી.ડી.મણવર, એ.એસ.આઈ. જશવંતસિંહ પરમાર એ.એસ.આઈ. એ.વી.દેસાઈ, હેડ કોન્સ્ટેબલ પીરમહોમંદ તેમજ પો.કો. પઠાણભાઈ વિગેરેની એ.સી.બી. ટીમે ફરીયાદી તેમજ પંચાને સાથે રાખી શિહોરી મામલતદાર કચેરી ખાતે છટકુ ગોઠવતા નાયબ મામલતદાર ઉદેસિંહ રામસિંહ સોલંકી રૂપીયા ૩૫૦૦ની લાંચ લેતા રંગે હાથ ઝડપાયા હતા. આ મામલે એ.સી.બી. દ્વારા દોશીત નાયબ મામલતદાર વિરુધ્ધ લાંચરુશ્વત વિરોધી ધારા અંતર્ગત ગુનો દાખલ કરાઈ તપાસ હાથ ધરાયેલ છે.

## 'અદ્યતન સારવારની શરૂઆત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ડૉ. વિજય ઉપાધ્યાય, ડૉ. મહિપતસિંહ પરમાર તેમજ ડૉ. બ્રિજેશ પટેલના મત પ્રમાણે ઘૂંટણમાં દુ:ખાવાને કારણે દર્દીનું જીવન ખૂબ જ મર્યાદિત થઈ જાય છે. તેઓને પોતાના રોજીંદી કામકાજ કરવામાં પણ અન્યનો સહારો લેવો પડતો હોય છે. ડોક્ટરોના મત અનુસાર ઘૂંટણના વા ના દર્દીનો એકમાત્ર અને સચોટ ઉપાય Knee Replacement Surgery.

હાઈ-ટેક હોસ્પિટલમાં છેલ્લા પાંચ વર્ષથી ની રીપ્લેસમેન્ટ સર્જરી કરવામાં આવે છે અને જેનાં પરિણામરૂપે લોકોના જીવનમાં સુખદ પરિવર્તન આવ્યા છે. તેઓ પોતાની રીતે પોતાનું કામકાજ કરી શકે છે. અને જીવનનો આનંદ લઈ શકે છે.

હાઈ-ટેક હોસ્પિટલમાંની રીપ્લેસમેન્ટ સર્જરી માટે અમદાવાદ તેમજ અન્ય મેટ્રો શહેરોની કક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ છે. અહીયા થતા Knee Replacement Surgeryના પરિણામે પણ અન્ય મેટ્રો શહેરમાં થતા ઓપરેશન જેટલા જ સારા તેમજ ચઢિયાતા છે.

ગાંધીનગર તેમજ સમગ્ર ઉત્તર ગુજરાતની જનતાને આવી ઉત્તમ સુવિધાઓ વધુ અને વધુ ફાયદો થાય તે માટે હાલમાંના New Jersey શહેરની Ingulwood Hospital માં ના નિષ્ણાંત ડૉ. અસીત શાહે Hi-tech Hospital મુલાકાત લઈ Knee Replacement Surgeryમાં જોડાયા હતા. ડૉ. અસીતભાઈના મત પ્રમાણે Hi-tech Hospital માં ઉપલબ્ધ સુવિધાઓ એ મોટા શહેરોમાં આવેલ અન્ય હોસ્પિટલને સમકક્ષ છે. તેમજ Hi-tech Hospital થી ગાંધીનગર તેમજ અન્ય ઉત્તર ગુજરાતની જનતાને આવી ઉત્તમ સુખ સુવિધાઓનો વધુમાં વધુ લાભ લેવો જોઈએ. અહીંયા નાખવામાં આવતા કૃત્રિમ સાંધા કે જે USA ની Maxx Medical કંપની દ્વારા ખાસ એશિયન/ભારતીય લોકોના સાંધાના બંધારણને અનુસાર બનાવવામાં આવેલ છે. તેમજ ભારતીય લોકોની જીવનશૈલી જેવી કે નીચે બેસીને જમવું, પૂજાપાઠ કરવા, નમાઝ પઢવી કે અન્ય રોજીંદા કામકાજ કરવા માટે Hi-Flex (વધારે પગ વળે તેવા) સાંધો બનાવેલ છે.

Hi-tech Hospital ખાતે અત્યાર સુધી ૧૦૦ થી પણ વધુ Knee Replacement Surgery થઈ ચૂકી છે અને ગાંધીનગર તેમજ ઉત્તર ગુજરાતની જનતાને તેમની વધુ ને વધુ લાભ મળે તે માટે કટીબદ્ધ છે.

## ચેમ્બરો સીલ કરાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હતો. જેના અંતે જોખમી સ્ટોર્મ વોટર લાઈનને માર્ગ પરથી સાઈડ કોર્નર કરવા વિચારણા હાથ ધરવામાં આવી હતી. ચોમાસાના વરસાદી દિવસો દરમિયાન પણ ઢાંકણ વગરની ચેમ્બરો જોખમી સ્વરૂપે ખુલ્લી રહેતી હોવાની સ્થાનિક રહીશોમાં પણ આ મામલે યોગ્ય પગલા લેવા પ્રબળ માંગ ઉઠવા પામી હતી.

આ સઘન સ્થિતિને ધ્યાને લઈ ગ-૦થી ગ-૭ માર્ગ પર હયાત ચેમ્બરોને રસ્તાની પહોળાઈની ધાર પર ખસેડવા નિર્ણય લેવાયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સ્ટોર્મવોટરલાઈનની ચેમ્બરો સાઈડમાં ખસેડી સીલ કરી દેવાશે. જ્યારે આ કામગીરીને અનુલક્ષીને રૂ. ૩૨.૬૫ લાખનો ખર્ચ કરવામાં આવશે. સ્ટોર્મવોટરની ચેમ્બરો કાયમી ધોરણે સીલ કરી દેવાતા છાશવારે ઉદ્ભવતી જોખમી સ્થિતિનું પણ નિવારણ આવશે.

### ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલમેન્ટ બોર્ડ

બ્લોક નં.૧૮, ૯મો માળ, ઉદ્યોગભવન, ગાંધીનગર

**જાહેરાત**

અત્રેની કચેરી ખાતે સલામતિ ગાર્ડ, સફાઈ કામદાર અને પટાવાળા બીનકુશળ - અર્ધકુશળ વગેરેની કામગીરી માટે માણસોની જરૂરિયાત ઊભી થયેલ છે. આ પ્રકારની સેવાઓ પૂરી પાડતી સંસ્થાઓએ કચેરીએથી નિયત કરેલ 'નિયત નમૂનાનું ફોર્મ' રૂ. ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) નોન રીફંડેબલ રોકડા ચૂકવી કચેરી ખાતેથી મેળવી લેવા વિનંતી છે. ઉપરોક્ત ટેન્ડર ફોર્મ મેળવવાની છેલ્લી તારીખ : ૮/૧૦/૨૦૧૨ રહેશે. ત્યારબાદ ટેન્ડર આપવામાં કે લેવામાં આવશે નહીં. રસ ધરાવતી સંસ્થાઓએ પોતાના ભાવ નિયત ટેન્ડર ફોર્મમાં ભરી સીલબંધ કવરમાં તારીખ : ૧૫/૧૦/૨૦૧૨ સુધીમાં પરત આપવાના રહેશે. કોઈપણ ભાવો સ્વીકારવાની કે તમામ ભાવો રદ કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીની રહેશે.

**મુખ્ય કારોબારી અધિકારી**

### ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી)

નિયામકશ્રીની કચેરી, પહેલો માળ, પ્લોટ નં. ૨૭૨-૨૭૩
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની પાછળ ઘ-૪ા,
સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬
ટેલી : ૦૭૯-૨૩૨૪૦૯૬૪, ટેલી ફેક્સ : ૨૩૨૪૦૯૬૫
ઈમેલ : info@gemi-india.org
વેબસાઈટ : www.gemi-india.org

આથી જણાવવાનું કે ગેમી દ્વારા ગાંધીનગર સમાચારપત્રમાં તા. ૧૪/૯/૨૦૧૨ના રોજ જુનિયર સાયન્ટિસ્ટ તેમજ અન્ય જગ્યાઓ માટે જાહેરાત આપીને યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવેલ હતી જેની છેલ્લી તા. ૨૬/૯/૨૦૧૨ હતી. તે બાબતે અરજી કરનાર તમામ ઉમેદવારોને જણાવવાનું કે, સદર જગ્યા બાબતેની લેખિત પરીક્ષા ૫/૧૦/૨૦૧૨ના રોજ ગેમીનાં ઉપરોક્ત સરનામે રાખવામાં આવેલ છે. જેના ઉમેદવારોની યાદી ગેમીની વેબસાઈટ પર રાખવામાં આવેલ છે. લેખિત પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર ઉમેદવારોને જ તા. ૬/૧૦/૨૦૧૨ના રોજ ૧૧ કલાકે ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે. ઉત્તિર્ણ થનાર સફળ ઉમેદવારોની યાદી ગેમીની કચેરીના નોટીસ બોર્ડ ઉપરાંત ગેમીની વેબસાઈટ પર તા. ૫/૧૦/૨૦૧૨ના રોજ સાંજે ૫ કલાકે મુકવામાં આવશે જેની નોંધ લેવી.

સહી/-
(ડો. સંજીવ ત્યાગી)
નિયામક, ગેમી, ગાંધીનગર

### ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા ગાંધીનગર પંચાયત મા.મ. વિભાગ

**જાહેર નિવિદા નં. ૧૧/૨૦૧૨-૧૩**

કાર્યપાલક ઈજનેર, પંચાયત, મા.મ. વિભાગ, જિલ્લા પંચાયત ગાંધીનગર - ૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી દ્વારા મકાન અને રસ્તાના આયોજન મંડળના કુલ-૮ કામો માટે ઓનલાઈન ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીએ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા http/rnb.nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

| | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની અને ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ | કામ નં. ૧ થી ૮ તા. ૫/૧૦/૧૨થી તા. ૧૯/૧૦/૨૦૧૨ |
| ટેન્ડર ફી બાનાની રકમ તથા અન્ય ડૉક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ | કામ નં. ૧ થી ૮ તા. ૨૬/૧૦/૨૦૧૨ |
| ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન) | કામ નં. ૧થી ૮ તા. ૨૦/૧૦/૨૦૧૨ સમય : ૧૨-૩૦ |

માહિતી/૧૬૩૭/૧૨-૧૩

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES | APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮